# હ. ઝકરીયા (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.)

કુરઆને કરીમની સૂરએ મરયમની ઈબ્તેદામાં હુરૂફે મુકત્તઆત છે. આ તૂટેલા હુરૂફ "કાફ, હા, યા, ઐન, સાદ" માં અલ્લાહતઆલા ની ભેદ અને રાઝની વાતો છુપાયેલી છે. જેને ફકત અલ્લાહ અને તેના અંબિયા-ઔલિયા જાણે છે. પંજતને પાક (અ.સ.) ના વસીલાથી અલ્લાહતઆલાએ ઝકરીયા (અ.સ.) ને આ હુરૂફની ચંદ રાઝની વાતોથી આગાહ કીધા. ઝકરીયા નબી પંજતને પાક (અ.સ.) માંથી જે વકત ઈમામ હુસૈન (અ.સ.) સિવાય બીજા અસ્હાબો રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.), મૌલાના અલી (અ.સ.), મૌલાતના ફાતેમતુઝઝહરા (અ.સ.) અને ઈમામ હસન (અ.સ.) ને યાદ કરતા તે વકત એનો ગમ અને મલાલ દૂર થઈ જાતો. મગર ઈમામ હુસૈન (અ.સ.) નું નામ લેતા તો ફૌરન આપનો ગમ વધી જાતો અને આપ આહોઝારી કરવા લાગતા.

ઝકરીયા નબીએ અલ્લાહતઆલાને અરઝ કીધી કે, આ મારો ગમ વધી જાવાનો સબબ શું છે ? તો અલ્લાહતઆલાએ ઝકરીયા નબીને "કાફ, હા, યા, ઐન, સાદ" ના હુરૂફથી એનો સબબ બતાવો કે, "કરબલા (કાફ) માં રસૂલુલ્લાહ મોહંમદ (સ.અ.વ.વ.) ના નવાસા હુસૈન (અ.સ.) પર એવી હલાકી-મુસીબત (હા) આવશે કે એના ફરઝંદો યતીમ (યા) થઈ જાશે, યઝીદ (લા.અ.) ના ઝુલ્મથી આપ, આપના અહલો અયાલ તેમજ આપના અસ્હાબો અતશ-પ્યાસ (ઐન) ની હાલતમાં શહીદ થાશે. અને આ ઝુલ્મ તથા મુસીબતમાં પણ સઘલા હુસૈનીયો સબ્ર (સાદ) પર લાઝિમ રહેશે."

આ દર્દનાક-અલમનાક વાકેઆની ઝિક્ર સાંભલીને ઝકરીયા નબી ત્રણ દિવસ તક સજદાની હાલતમાં રોતા રહ્યા અને દુઆમાં એમ કહેતા રહ્યા કે, "અય અલ્લાહ ! શું તારા પ્યારા નબી (સ.અ.વ.વ.) ખૈરૂલ બશરને તું એના નવાસાની મુસીબતથી આ મુજબ મુસીબતઝદા કરશે ? શું અલી (અ.સ.) અને ફાતેમા (અ.સ.) ના ઘર પર આ મિસિલની કુરબત-તકલીફને ઉતારશે ? અય અલ્લાહ ! મને એક ફરઝંદ બખશ, જે મારી આઁખોના નૂર બને, દિલનો કરાર બને, મારો પસંદીદા વારિસ બને અને મિસ્લે હુસૈન (અ.સ.) મારા પર પણ એના સબબ મુસીબત આવે." ઝકરીયા નબી (અ.સ.) ની આ દુઆને અલ્લાહતઆલાએ મુસ્તજાબ ફરમાવી અને આપને યાહયા (અ.સ.) ફરઝંદ બખ્શા અને મિસ્લે ઈમામ હુસૈન (અ.સ.) યાહયા નબી (અ.સ.) શહીદ થયા. આ શહાદતના સબબ ઝકરીયા નબી (અ.સ.) મિસ્લે પંજતને પાક (અ.સ.) મુસીબતઝદા અને ગમઝદા થયા. ★